Extra No. 411

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **TUESDAY, NOVEMBER 18, 2025 / KARTIKA 27, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક.મકમ/સી.બી.૩/ફાયરીંગ-જાહેરનામું/વશી/૬૨૮/૨૬૧૫૦/૨૦૨૫, તા. ૧૫.૧૧.૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક: વહટ/સીબી-૬/ફાયરીંગબટ/૧૨૮૪૪/૨૦૨૫, તા. ૧૫.૧૧.૨૦૨૫

-: જાહેરનામું:-

નં.ડી.સી./એમ.એ.જી./વશી/૯૦૬/૨૦૨૫.- અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા (ગંભીરપુરા) ગામના સ.નં.૫૪માં ફાયરીંગ બટ આવેલો છે. વંચાણે લીધેલ પત્ર-૧ મુજબ સદર બટમાં ગાંધીનગર જિલ્લાના પોલીસ અધિકારી તથા કર્મચારીનું વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ-૨૦૨૫-૨૬ લેવામાં આવનાર છે, જે અન્વયે વંચાણે લીધેલ પત્ર-૨થી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસા દ્વારા ઉપરોક્ત ફાયરીંગ બટ પ્રેક્ટીસ માટે તા.૧૭.૧૧.૨૦૨૫ થી તા.૩૦.૧૧.૨૦૨૫ સુધી પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરને ફાળવવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ પત્ર-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર દ્વારા ઉપરોક્ત સમય દરમિયાન ફાયરીંગ બટ ઉપર ફાયરીંગ લેવામાં આવે તે દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે અગમચેતીના પગલાં રૂપે ફાયરીંગ બટની આજુબાજુના રાહદારીઓ તેમજ વાહનો પ્રવેશવા સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે તા.૧૭.૧૧.૨૦૨૫ થી તા.૩૦.૧૧.૨૦૨૫ સુધી પ્રવેશબંધી ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

આથી હું પ્રશસ્તિ પારીક (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩-(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા (ગંભીરપુરા) ખાતેના બટ ઉપર ગાંધીનગર જિલ્લાના ફરજ બજાવતા પોલીસ અધિકારી તથા કર્મચારીઓને વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ-૨૦૨૫-૨૬ લેવામાં આવનાર હોઈ ઉકત બટ વિસ્તારની જમીનની આજુબાજુના ૧.૬ કિ.મી.ની ત્રિજયાના વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ જાહેરનામુ પ્રસિધ્ધ થયેથી તા. ૩૦.૧૧.૨૦૨૫ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો કે કરાવવો નહીં તેમજ ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

વધુમાં ફરમાવું છું કે, આ જાહેરનામાથી સ્થાનિકો અવગત થઈ શકે તથા અકસ્માત નિવારી શકાય તે માટે પોલીસ ખાતા દ્વારા પ્રચાર બોર્ડ મૂકવા તથા ફાયરીંગના સમય દરમિયાન ચોકી/નાકા બંધી કરવી.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ અને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ફરિયાદ માંડવા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આથી અધિકૃત કરવામાં આવે છે.

બિનઅધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઇ પણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આજ રોજ તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.12.09 18:11:56 IST